ગાંધીનગર સમાચાર

સે-૨૧ શોપિંગમાં દુવિધાઓનુ દંગલ

સે. ૨૭માંથી ડેન્ગ્યુ પોઝીટીવનો દર્દી મળ્યો

સાદા મેલેરિયાના પણ ૪ કેસ નોંધાયા : વાહકજન્ય રોગચાળાએ શહેરમાં માથુ ઉંચક્યુ, તંત્ર હરકતમાં

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાંથી એક ડેન્ગ્યુ અને મેલેરિયાના ૪ જેટલા કેસ મળી આવતાં શહેરી મેલેરિયા તંત્ર હરકતમાં આવ્યું છે.

શહેરને ડેન્ગ્યુ અને મેલેરિયા માટે સંવેદનશીલ વિસ્તારની યાદીમાં મુકવામાં આવ્યુ છે. શહેરના સે. ૨૭માંથી ડેન્ગ્યુનો એક પોઝીટીવ કેસ મળી આવેલ છે. ૪૦ વર્ષીય યુવાનને ડેન્ગ્યુ પોઝીટીવ આવતાં તંત્રની ટીમોએ દર્દીના આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી ઉપરાંત એન્ટી લારવેલની કામગીરી શરૂ કરી દીધી છે.

મળતી વિગતો મુજબ આ દર્દી હાલ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અને ત્યાં તેની તબિયત સુધારા પર છે. આ દર્દીને ખાનગી લેબોરેટરીમાંથી ડેન્ગ્યુ પોઝીટીવ હોવાનુ પરીક્ષણમાં જણાયુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે ખાસ બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે બપોરે ૩ વાગે ખાસ સામાન્ય સભા જિલ્લા પંચાયતના સરદાર હોલમાં મળશે.

પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના અધ્યક્ષપદે મળનારી આ ખાસ સામાન્ય સભામાં ભારત સરકારે સને ૧૯૯૨-૯૩માં બંધારણની કલમ ૨૪૩ ઝેડ ડી તથા ૨૪૩ ઝેડ ઈ માં કરેલા સુધારા પછી રાજ્ય સરકારે આ અંગેના રૂલ્સ બનાવ્યા છે. પરંતુ તેનો અમલ નહિ કરવામાં આવતાં રાજ્યની વડી અદાલતમાં તત્કાલ ધોરણે પિટીશન ફાઈલ કરવા માટેનો નિર્ણય લેવા માટે આ બેઠક બોલાવવામાં આવી છે.

આ માટે એક ખાસ પ્રસ્તાવ પસાર કરી મંજૂરી આપવામાં આવશે. આ ખાસ બેઠકમાં સરકાર તરફથી મંજૂર થઈ આવેલ કામોના ટેન્ડરોને બહાલી આપવાનો મુદ્દો પણ સમાવવામાં આવ્યો છે.

જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા હોવાથી પ્રશ્નોત્તરી રાખવામાં આવી નથી. પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે બેઠક અર્ધા કલાકમાં સંપન્ન થઈ જશે.

મળતા નિર્દેશો પ્રમાણે આ બેઠકમાં અધ્યક્ષસ્થાનેથી સત્તાધારી પક્ષમાં જે ગજગ્રાહ ચાલે છે તેને લઈ કોઈ નવી બાબતો રજુ થાય છે કે કેમ તેને લઈ રાજકીય વર્તુળોમાં તર્ક-વિતર્ક થઈ રહ્યા છે.

જિલ્લા કોંગ્રેસના સૂત્રો બધુ શાંતિથી સંપન્ન થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે. બીજી તરફ પંચાયતની પેટા ચૂંટણીમાં નારદીપુરની બેઠક પરથી વિજયી થયેલ રેખાબેન પટેલ પ્રથમવાર હાજરી આપતા હોવાથી ભાજપ તેમનું જોરદાર સ્વાગત કરે તેવી શક્યતાઓ છે.

શહેરમાં ઝરમર-ઝરમર વરસાદ

ગાંધીનગર શહેરમાં વરસાદી વાતાવરણ છવાયુ છે. પરંતુ વરસાદ પડતો નથી. આજે આખો દિવસ માત્ર ઝરમર ઝરમર વરસાદ થતા શહેરીજનો નિરાશ થયા છે. છેલ્લા બે દિવસથી શહેરમાં વરસાદી વાતાવરણ જામ્યુ છે. આકાશમાં નજર કરો તો ઘટાટોપ વાદળો જોઈ શકાય છે. હમણા વાદળો ધોધમાર વરસી પડશે એવુ લાગ્યા કરે છે. આકાશમાં છવાયેલા વાદળોના કારણે અને ઝરમર વરસાદથી શહેરનો નજારો રમણીય બની ગયો છે. કોઈ હીલસ્ટેશન હોય તેવુ સતત લાગ્યા કરે છે. આજે પણ આખો દિવસ આકાશ વાદળોથી ઘેરાયેલુ રહ્યુ હતુ. જો કે માત્ર ઝરમર વરસાદ જ વરસ્યો હતો. ધોધમાર વરસાદ ન વરસતા વસાહતીઓ નિરાશ થયા છે.

પાટનગરમાં દલિત આક્રોશ મહારેલી

ઉનાના દલિતો પર થયેલા અત્યાચારમાં ત્વરીત ન્યાય અપાવવા અને બીજા આરોપીઓની ધરપકડ કરવાની માંગણી સાથે આવેદનપત્ર અપાયુ

ગાંધીનગર, તા. ૨૭

ઉના તાલુકાના સમઢિયાળા ગામના દલીત યુવાનો પર થયેલા અમાનુષી અત્યાચાર પ્રકરણમાં ત્વરીત ન્યાય અપાવવા અને અન્ય આરોપીઓની ધરપકડ કરવાની માંગણી સાથે ગાંધીનગર દલીત એકતા મંચ દ્વારા મહારેલી નિકાળવામાં આવી હતી. વિવિધ સાત મુદ્દાઓ સાથે આવેદનપત્ર તૈયાર કરી દલીત એકતા મંચ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ.

શહેરના ઘ-૦ સર્કલથી સે. ૬ સત્યાગ્રહ છાવણી સુધી મોટી સંખ્યામાં દલીત યુવાનો-યુવતીઓ, વૃદ્ધો અને મહિલાઓ જોડાયા હતા. સત્યાગ્રહ છાવણી ખાતે રેલી સભાના સ્વરૂપમાં ફેરવાઈ હતી અને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. દલીત આક્રોશ મહારેલી બાદ ગાંધીનગર મનપા કન્વીનર ચીમનભાઈ વિંઝુડા, છગનભાઈ પરમાર, દિલીપભાઈ ધારવા, નરેશભાઈ પરમાર, બાબુભાઈ મેસરવાલા સહીત ૧૪ આગેવાનોએ જિલ્લા કલેક્ટરને સાત વિવિધ મુદ્દાઓની માંગણી સાથે આવેદનપત્ર પાઠવ્યુ હતુ. અત્યાર સુધી આ પ્રકરણ ૧૬ આરોપીની

● અનુસંધાન પાન-૭ પર

કલેક્ટર સતીષ પટેલની આકસ્મિક મુલાકાતમાં

ઈ.ધારાની બે મહિલા તલાટી ગેરહાજર જણાતાં નોટીસ આપી ખુલાસો મંગાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા કલેક્ટર સતીષ પટેલે કલેક્ટર કચેરીના ભોંયતળિયે ચાલતી ઈ.ધરા કચેરી તેમજ મામલતદાર કચેરીની આકસ્મિક મુલાકાત લઈ બે મહિલા તલાટીઓ ફરજ પર ન દેખાતા નોટીસ આપી ખુલાસો પુછ્યો છે. તો સબરજીસ્ટ્રારની કચેરી પાસે એક મુલાકાતી દ્વારા પાનની પિચકારી મારવા બદલ દંડનીય કાર્યવાહી કરી છે.

જિલ્લા કલેક્ટર સતીષ પટેલે જ્યારથી કલેક્ટરનો ચાર્જ સંભાળ્યો છે ત્યારથી તેમણે કચેરીઓની આકસ્મિક મુલાકાત લેવાનો સિલસિલો શરૂ કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

પંચાયત દ્વારા પણ ૪ તલાટીઓને નોટીસ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા બે ગામના ૪ તલાટીને નોટીસ આપી ખુલાસો માંગવામાં આવતાં કર્મચારી આલમમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકાના વેડા ગામે ગ્રામજનોની પેઢીનામુ નહિ કરી આપવામાં આવતુ હોવાની મળેલ રજુઆતોને પગલે તંત્ર દ્વારા આ નોટીસ તલાટીઓને આપવામાં આવી છે.

તો ગાંધીનગર તાલુકાના વલાદના બે તલાટીને મા અમૃતમ્ યોજનામાં બી.પી.એલ. પરિવારને જરૂરી કાગળો અને પ્રમાણપત્રો આપવામાં વિલંબ કરવામાં આવી રહ્યો હોવાની તેમજ ધક્કા ખવડાવાવમાં આવતા હોવાની ગ્રામજનોની રજુઆતને પગલે નોટીસો બજાવવામાં આવી છે.

આર.ટી.ઓ. દ્વારા નવી સીરીઝના પસંદગીના નંબરો માટે પુનઃ હરાજી કરાશે

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા આગામી તા ૧ ઓગષ્ટના રોજ ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલરની સીરીઝના પસંદગીના નંબરો માટે પુનઃ હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે. જેમાં ટુ વ્હીલર માટે જી જે ૧૮ સી એમ તેમજ સી એલ અને સી એન ની નવી સીરીઝને અનુલક્ષી નંબરોની હરાજી કરાશે. જયારે ફોર વ્હીલર માટે બી ઈ અને બી એફની સીરીઝના નંબરો માટે હરાજી કરવામાં આવશે.

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા પસંદગીના નંબરો માટે હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. જો કે છેલ્લા કેટલાક સમયથી હરાજીની નવી પધ્ધતિ અમલમાં આવ્યા બાદ આર ટી ઓ કચેરી દ્વારા પસંદગીના

● અનુસંધાન પાન-૭ પર

સે-૨૧ શોપિંગમાં દુવિધાઓનુ દંગલ

રખડતા ઢોર, ગંદકી, દબાણ અને લુખ્ખા તત્વાનો અડ્ડો : નગરનુ મુખ્ય શોપિંગ સેન્ટર સમસ્યાઓથી ઘેરાયુ : પાર્કીંગ પ્લેસ પર દબાણોની કતાર : મ્યુનિ તંત્રના સ્માર્ટ દ્રષ્ટીકોણથી શોપિંગ સેન્ટર વંચિત : મુલાકાતીઓ ધક્કે ચઢે છે

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવાના શમણાં સેવાઈ રહયા છે. ત્યારે અનેકવિધ સમસ્યાઓથી ઘેરાયેલા સેકટરોમાં આમ નાગરિકો ગુંગળામણ અનુભવી રહયા છે. ગંદકી અને દબાણનો પ્રશ્ન હઠીલો બન્યો છે. પાટનગર હોવાછતા હજુ અહીં સેકટરવાસીઓને અંતરિયાળ ગામોને કોઠે પડી ગઈ હોય તેવી દુવિધાઓ સતાવે છે. નગરનુ મુખ્ય શોપિંગ સેન્ટરમાં પણ મહાકાય બનેલી મુસીબતો મુલાકાતીઓને રોજબરોજ પરેશાન કરે છે. ગાય, ગંદકી અને ગારા વચ્ચાળે આડેધડ ખડકાતા વાહનો અને માર્ગ વચાળે તેમજ પાર્કીંગ પ્લેસ પોતિકુ કરીને બેઠેલા દબાણકર્તાઓના લીધે શોપિંગ સેન્ટરની દશા બેઠી છે. સરકારના ઉચ્ચ અધિકારીઓના આંટાફેરા બાદ શોપિંગને સતાવતી સમસ્યાઓ દુર કરવાની રજુઆતોના અંતે વેપારીઓને પણ માત્ર લીપ સિમ્ફથી જ મળી છે. શોપિંગની ગીચ ગલિયારીઓમાં મુલાકાતીઓને રખડતા ઢોર અડફેટે લે છે. તો કયારેક વાહન પાર્ક કરવાની જગ્યા પણ નસીબ થતી નથી. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ શહેરને દબાણ અને ગંદકી મુક્ત કરવાની કામગીરી માત્ર ઝુંબેશ પુરતી જ સિમિત રહેતા નગરને મોડેલ સીટી

● અનુસંધાન પાન-૭ પર

શોપિંગમાં બે લાઈટીંગ ટાવર પણ બંધ હાલતમાં

ગાંધીનગર તા ૨૭

શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરમાં દબાણ ગંદકી અને રખડતા ઢોર સહીતની અનેક સમસ્યાઓ મુલાકાતીઓ માટે પરેશાનીનુ કારણ બની છે. ત્યારે શોપિંગ સેન્ટરમાં ઉભા કરાયેલા લાઈટીંગ ટાવર પણ બંધ હાલતમાં છે. શોપિંગમાં બે લાઈટીંગ ટાવર બંધ હોવાથી સાંજ ઢળતા જ અંધારુ છવાઈ જાય છે. આ મામલે પાટનગર યોજના વિભાગના તંત્ર સમક્ષ રજુઆત કરવા છતા બંધ પોલ્સ શરૂ કરવામાં આવ્યા નથી. શોપિંગ વિસ્તારમાં યોગ્ય અજવાળુ પથરાય તે માટે દોઢ વર્ષ અગાઉ ચાર લાઈટીંગ પોલ્સ ઉભા કરવામાં આવ્યા હતા. પરંતુ છેલ્લા કેટલાક સમયથી લાઈટો ડુલ રહેતી હોવાથી શોપિંગ વિસ્તારમાં મુલાકાતીઓની ભીડભાડ વચ્ચે જ અંધારપટ્ટ છવાઈ જાય છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો પણ વધી છે. ત્યારે નગરના મુખ્ય શોપિંગ સેન્ટરની દુવિધાઓમાં ઓર વધારો થયો છે.

બેસણું

દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **ભવાનસિંહ કિશોરસિંહ વાઘેલા** તા. ૨૩/૭/૨૦૧૬ને શનિવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૯/૭/૨૦૧૬ને શુક્રવારના રોજ સવારે ૮-૦૦ થી બપોરે ૧-૦૦ દરમિયાન** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નોંધ : કાણ-મોંકાણ બંધ રાખેલ છે.

નિવાસસ્થાન : માધવવિહાર સોસાયટી, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર, ગાંધીનગર. મો. ૯૯૨૫૫ ૯૮૨૭૩

લિ.

અરવિંદસિંહ ભવાનસિંહ વાઘેલા

(ગાંધીનગર સમાચાર)

સ્વ. ભરતસિંહ ભવાનસિંહ વાઘેલા

બચુસિંહ કિશોરસિંહ વાઘેલા	રણજીતસિંહ હરિસિંહ વાઘેલા
અર્જુનસિંહ કિશોરસિંહ વાઘેલા	જશવંતસિંહ માધુસિંહ વાઘેલા
મહિપતસિંહ છત્રસિંહ વાઘેલા	ખેતુસિંહ શીવસિંહ વાઘેલા
બાલુસિંહ છત્રસિંહ વાઘેલા	જગતસિંહ અમરસિંહ વાઘેલા
દશરથસિંહ શંભુસિંહ વાઘેલા	રઘુવીરસિંહ દિલીપસિંહ વાઘેલા

ભાડે જોઈએ છે

સંસ્થાને ઘરડાઘર માટે મકાન (કેમ્પસ) ભાડેથી જોઈએ છે

સંપર્ક કરો

મો. ૯૫૩૮૦૫૫૩૯

મો. ૭૫૭૨૯૯૫૯૯૫

બેસણું

અમારા પરમપૂજ્ય દાદાશ્રી વાઘેલા જુજારસિંહ મહોબતસિંહ તા.૨૬-૭-૨૦૧૬ ને મંગળવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યુ તે ખરૂ. સદ્‌ગતનું બેસણું/સુવાળા તા.૨૯-૭-૨૦૧૬ ને શુક્રવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૩.૦૦ દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : મુ.લેકાવાડા, તા.જી.ગાંધીનગર.

લી.

વાઘેલા હિતેન્દ્રસિંહ વિનોદસિંહ	વાઘેલા પ્રભાતસિંહ મહોબતસિંહ
વાઘેલા હરદિપસિંહ વિનોદસિંહ	વાઘેલા મુકેશસિંહ પ્રભાતસિંહ
વાઘેલા ભરતસિંહ જશવંતસિંહ	વાઘેલા અરવિંદસિંહ જશવંતસિંહ
વાઘેલા ઘનશ્યામસિંહ જસવંતસિંહ	વાઘેલા ભૂપતસિંહ માધુસિંહ
વાઘેલા વિજયસિંહ પ્રભાતસિંહ	વાઘેલા નારણસિંહ બબાજી
વાઘેલા રતનસિંહ ખોડાજી	વાઘેલા ભીખુસિંહ કેશરીસિંહ

સમસ્ત ગુલાબસિંહ પરીવાર - લેકાવાડા

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN

Autoclaved Aerated Concrete Blocks

ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦

sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality

KisaN®

ashirvad

BENELAVE™

DR. FIXIT®

TATA — STEEL • PIPES • SHEETS

VINAYAK500 — TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com